## દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્રમાં વરસાદનું પ્રમાણ વધુ, ઉત્તર અને મધ્ય ગુજરાતમાં છૂટાછવાયા માવઠાં

# ૧૩૬ તાલુકામાં ૧ મીમીથી દોઢ ઈંચ સુધીનો કમોસમી વરસાદ

**રાજ્યમાં માવઠું** ઉમરગામમાં દોઢ ઈંચ, ઝાફરાબાદ, વાપીમાં સવા ઈંચ, છોટા ઉદેપુર, પારડી, વડોદરા, ભરૂચમાં ૧ ઈંચ વરસાદ નોંધાયો

। અમદાવાદ ।

વેસ્ટર્ન ડિસ્ટબન્સના કારણે બે દિવસથી ગુજરાતના વાતાવરણમાં પલટો આવ્યો છે. ગુરૂવાર બપોરથી રાજ્યના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદી માહોલ સર્જાયો હતો. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારમાં હળવાથી મધ્યમ પ્રકારનો વરસાદ વરસ્યો છે જ્યારે રાજ્યના અન્ય કેટલાક વિસ્તારોમાં છુટા છવાયા વરસાદી ઝાપટા તો ક્યાં છાટા પડ્યાં છે. જ્યારે રાજ્યના મોટાભાગના વિસ્તારમાં આજે વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતુ. શુક્રવારે સવારે ૬ વાગ્યાથી લઈને સાંજના ૮ વાગ્યા સુધીના ૧૪ કલાકમાં રાજ્યના કુલ ૧૩૬ તાલુકાઓમાં ૧ મી.મી.થી લઈને દોઢ ઈંચ જેટલો વરસ્દ નોધાયો છે. જેમાં સૌથી વધુ વલસાડના ઉમરગામ તાલુકામાં દોઢ., અમરેલીના ઝાફરાબાદ અને વલસાડના વાપીમાં સવા ઈંચ વરસાદ વરસ્યો છે. છોટા ઉદેપુર, પારડીમાં૧ ઈંચ વરસાદ નોંધાયો છે.

### અમદાવાદમાં ભરશિયાળે સવારે વરસાદી ઝાપટું

અમદાવાદ : અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારના કેટલાંક ભાગોમાં ગુરુવારની મધરાતે ફોરા પડ્યા હતા તો શુક્રવારની સવારે મોટાભાગના વિસ્તારોમાં ભરશિયાળે કમૌસમી વરસાદી ઝાપટું પડ્યું હતુ જેના કારણે શીતલહેર જેવો માહોલ ઉભો થયો હતો. શહેરના વિવિધ વિસ્તારોમાં શુક્રવારે સવારે ૬થી ૭ વાગ્યા દરમિયાન અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને વરસાદની સિઝન જેવો માહોલ ઉભો થયો હતો. શહેરના જુદા-જુદા વિસ્તારોમાં હળવા વરસાદી ઝાપટાં પડ્યા હતા જેના કારણે લોકો ઠંડીથી ઠુઠવાયા હતા.

### સૂત્રાપાડા અને જાફરાબાદ દોઢ ઈંચ વરસાદ નોંધાયો

રાજકોટ : સૌરાષ્ટ્રમાં ભર શિયાળે અચાનક વાતાવરણમાં પલટો આવ્યા બાદ અમરેલી, જૂનાગઢ, વેરાવળ, તાલાલા, મોરબી સહિતના મોટા ભાગના વિસ્તારમાં ઝાપટાથી માંડીને દોઢ ઇંચ સુધી વરસાદ પડી ગયો હતો. સુત્રાપાડા તાલુકામાં ૨૪ કલાકમા ૩૦ મી.મી.થી ૩૭ મી.મી.વરસાદ પડયો હતો. ગડુશેરબાગ તથા આસપાસના વિસ્તારોમા રાત્રે ૧૧ કલાકે ધોધમાર વરસાદ આવ્યો હતો. અમરેલીના બાબાપુર, સારંભડા, વાંકિયા, મેડી, તરવડા, જાળીયા, ખાંભા સહિતના વિસ્તારમાં હળવા ઝાપટાઓ પડ્યાં હતાં.જિલ્લામાં સૌથી વધું જાફરાબાદ તેમજ આસપાસના ગામો રોહિસા, બલાણા સહિતના વિસ્તારમાં રાતભર દોઢ ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો.

### બોટાદ-બરવાળામાં હળવા ભારે વરસાદી ઝાપટાં

બોટાદ : બોટાદમા શુક્રવારે વહેલી સવારથી એકાએક વાતાવરણમાં પલટો આવતા ચોમાસા જેવો માહોલ જામી ગયો હતો. સવારથી ઝરમર ધીમીધારે વરસાદનું આગમન થયું હતું. જેને લઇ ખેડૂતો ચિંતિત જોવા મળ્યા હતા.

### માઉન્ટ આબુમાં વાદળો છવાયા : કમોસમી વરસાદના છાંટા પડ્યા

પાલનપુર : માઉન્ટ આબુમાં શુક્રવાર સવારથી જ કમોસમી વરસાદના છાંટા પડવાના કારણે સહેલાણીઓની ઓછી સંખ્યામાં જોવા મળ્યા હતી. બજારમાં પણ નિરસતા ભર્યો માહોલ જોવા મળ્યો હતો. આમ માઉન્ટ આબુમાં પણ કમોસમી વરસાદની જનજીવન પર અસર જોવા મળી હતી.

### દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારમાં ૧ ઇંચ સુધીનો વરસાદ

સુરત : દક્ષિણ ગુજરાતના મોટાભાગના વિસ્તારમાં અડધોથી એક ઇંચ સુધીનો વરસાદ નોંધાયો હતો. ઉમરગામમાં ૧.૪ ઇંચ, વાપીમાં ૧.૧૬ ઇંચ, પારડીમાં ૧.૦ ઇંચ, વલસાડમાં ૦.૬૪ ઇંચ વરસાદ ખાબક્યો હતો. નવસારી, ચીખલી, વાંસદામાં પણ વરસાદ નોંધાયો હતો.

### ભાવનગર-ઘોઘામાં સવા, પાલિતાણા-તળાજામાં પોણો ઈંચ વરસાદ

ભાવનગર : ભાવનગર અને ઘોઘામા છેલ્લા ૨૪ કલાકમા દોઢ ઇંચ પાણી ખાબકી ગયુ હતુ. સિહોર, ઘોઘા, તળાજા, મહુવા, પાલિતાણા, જેસર, ગારિયાધારમા ધીમીધારે માવઠુ થતા અડધાથી પોણો ઇંચ વરસાદ વરસ્યો હતો. ભાવનગરમા ૩૦ મિ.મિ., અને ઘોઘામા ૩૧ મિ.મિ., મહુવા ૨૩, પાલિતાણામા ૨૨, તળાજામા ૧૮ મિ.મિ., જેસર ૧૨, અને સિહોરમા ૧૦ મિ.મિ. વરસાદ નોંધાયો હતો.

## CM વિજય રૂપાણીનો મહેસૂલી પ્રક્રિયા સરળ બનાવવા નિર્ણય

# જમીન તકરારી નોંધની સુનાવણી સીધી પ્રાંત અધિકારી કક્ષાએ થશે

### મહેસૂલ વિભાગનું આખરી જાહેરનામું : હવે અમલ શરૂ કરાશે

। અમદાવાદ ।

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ મહેસૂલી પ્રક્રિયા સરળીકરણનો વધુ એક નિર્ણય કર્યો છે, હવે જમીન તકરારી નોંધની અપીલની સુનાવણી સીધી પ્રાંત અધિકારી કક્ષાએ થઈ શકશે, આ માટે આખરી મંજૂરી અપાઈ છે. આ પહેલાં તકરારી નોંધ જમીન મહેસૂલ નિયમો ૧૯૭૨-૧૦૮ અન્વયે પહેલાં મામલતદાર કક્ષાએ સુનાવણી હાથ ધરાયા બાદ પ્રાંત અધિકારી કક્ષાએ અને તે પછી કલેક્ટર સમક્ષ અપીલ કરવાની રહેતી હતી,

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ તકરારી પ્રક્રિયાને વધુ સરળ બનાવતાં જુદા જુદા ત્રણ તબક્કે મહેસૂલી અધિકારીઓ સમક્ષ કરવાની થતી અપીલને સ્થાને માત્ર બે તબક્કે એટલે કે પ્રાંત અધિકારી અને કલેક્ટર કક્ષાએ કરવાનો અભિગમ અપનાવ્યો છે. ગુજરાતના મહેસૂલ વિભાગે આ અંગેનું આખરી જાહેરનામું જારી કર્યું છે, હવે રાજ્યમાં આ પ્રક્રિયાનો અમલ શરૂ કરાશે.

રાજ્ય સરકાર દ્વારા કહેવાયું છે કે, મુખ્યમંત્રીના આ નિર્ણયને પગલે હવે જમીન તકરારી નોંધ અંગે સમય મર્યાદામાં નિર્ણય થઈ શકશે અને બિનજરૂરી લીટીગેશન નિવારી શકાશે. હક્કપત્રક એટલે ગામ નમૂના નં.૬ જેમાં હક્ક સંપાદન થાય ત્યારે નોંધ કરાય છે, સામાન્ય રીતે ૧૧ પ્રકારની નોંધ પાડવામાં આવે છે, આ પ્રકારની નોંધો અંગે નિર્ણય કરવાની સત્તા નાયબ મામલતદારની છે.

ઘણી વખત અલગ અલગ કારણસર હક્કપત્રકની નોંધોની નોટિસ અપાય તે સમયે પક્ષકારો તરફથી કે ત્રાહિત પક્ષકાર તરફથી વાંધો લેવાય છે, તેથી હક્કપત્રકની નોંધો સમય મર્યાદામાં મંજૂર ન થવાથી હુકમની નોંધના કિસ્સાઓમાં રેકર્ડે અસર આવતા ઘણો બધો સમય પસાર થાય છે, આમ તકરારના કારણે નોંધની રેકર્ડે અસર લેવામાં વધુને વધુ વિલંબ થાય તે કારણે અરજદારને તેનો હક્ક સમય મર્યાદામાં મળતો નથી.

# ગુજરાતના ૨૯ હજાર ખાનગી ડોક્ટરોએ હડતાળ પાડી, આરોગ્ય સેવાઓને અસર

**આયુર્વેદ ડોક્ટરોને 58 પ્રકારની સર્જરીની મંજૂરી સામે આંદોલન**

### અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં જુનિયર તબીબોએ ફરજ પર કાળી-પટ્ટી બાંધી વિરોધ કર્યો

। અમદાવાદ ।

આયુર્વેદ ડોક્ટરોને આંખ, કાન, નાક સહિતની ૫૮ પ્રકારની સર્જરી કરવાની છૂટ આપવાનો નિર્ણય કેન્દ્ર સરકાર પરત ખેંચે તેવી માગણી સાથે શુક્રવારે શહેરના ૯ હજાર સહિત ગુજરાતના ૨૯ હજાર જેટલા ખાનગી ડોક્ટરોએ સવારે છથી સાંજના છ વાગ્યા સુધી હડતાળ પાડી હતી, જેના કારણે ઓપીડી સેવાને અસર થઈ હતી. અલબત્ત, આ હડતાળમાં કોરોના તેમજ ઈમરજન્સી તબીબી સેવાઓ યથાવત્ રહી હતી. ડોક્ટરોએ ઠેર ઠેર પ્લે કાર્ડ રજૂ કરીને પ્રદર્શન કર્યું હતું અને નિર્ણય પરત નહિ ખેંચાય ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાનું એલાન કર્યું હતું.

અમદાવાદ મેડિકલ એસોયિશનની આશ્રમ રોડ સ્થિત ઓફિસ ખાતે તબીબોએ સોશિયલ ડિસ્ટન્સ સાથે પ્લેકાર્ડ રજૂ કરી પોતાનો વિરોધ પ્રદર્શિત કર્યો હતો. ઈન્ડિયન મેડિકલ એસોસિયેશને દેશવ્યાપી હડતાળનું એલાન આપ્યું હતું, જેને પગલે ગુજરાત બ્રાંચ પણ હડતાળમાં જોડાઈ હતી અને તબીબો ઓપીડી કામકાજથી અળગા રહ્યા હતા. ડોક્ટરોનું કહેવું છે કે, આયુર્વેદ અને એલોપથીનું મિશ્રણ ન કરવું જોઈએ, મિક્સ તાલીમ વાળા આયુષ તબીબો લોકોના આરોગ્ય માટે ખૂબ ઘાતક નીવડી શકે છે. શું સર્જરી માટે જરૂરી એનેસ્થેસિયા અને એન્ટિબાયોટિક દવાઓની જગ્યા આયુર્વેદ લઈ શકે? જો કોઈ ગંભીર સમસ્યા ઊભી થશે તો તેનો ઉપાય આયુર્વેદથી શક્ય છે? ઉલ્લેખનીય છે કે, ગત ૮મી ડિસેમ્બરે રાજ્યભરમાં ડોક્ટરોએ દેખાવો-ધરણાં યોજ્યા હતા અને કલેક્ટર કચેરી ખાતે આવેદન પત્ર સુપરત કરી, સરકાર નિર્ણય પરત ખેંચે તેવી માગણી કરી હતી. સિવિલમાં જુનિયર ડોક્ટરોએ સેવાઓ ચાલુ રાખી હતી પરંતુ ફરજ પર કાળી રિબિન પહેરીને કામ કર્યું હતું.

### આયુર્વેદ તબીબો માટે ઊંટવૈદ્ય શબ્દ વાપરતાં વિવાદ, એલોપેથી-આયુર્વેદ તબીબો સામ-સામે

આયુર્વેદ અને એલોપેથી તબીબો સામ-સામે આવી ગયા છે, ઈન્ડિયન મેડિકલ એસોસિયેશનના આગેવાન દ્વારા આયુર્વેદ તબીબ માટે ઊંટવૈદ્ય જેવા શબ્દો વાપરવામાં આવ્યા છે, જેની સામે આયુર્વેદના તબીબી સંગઠન નીમા દ્વારા ભારે વિરોધ કરવામાં આવ્યો છે, નીમાના સેક્રેટરીએ કહ્યું કે, આટલી હલકી કક્ષાના શબ્દો તબીબો-તબીબોમાં વૈમનસ્ય ફેલાવે છે. આવા શબ્દોને અમે વખોડીએ છીએ. ખોટી ગેરસમજ ઊભી કરીને આઈએમએ દ્વારા વિરોધ કરાઈ રહ્યો છે. અત્યારે ૯૦ ટકા કોવિડ હોસ્પિટલમાં મેડિકલ ઓફિસર તરીકે આયુષ ડોક્ટરો ફરજ બજાવી રહ્યા છે.

### ગ્રેજ્યુઈટી નહીં આપનાર અમદાવાદ, વલસાડ, સુરત, વડોદરાની ૮ કંપનીને નોટિસ

**અમદાવાદ** । ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા ખાનગી કંપનીઓ દ્વારા કર્મચારીઓને ગ્રેજ્યુઈટી ન ચૂકવવા અંગે કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે અધિક મુખ્ય સચિવ વિપુલ મિત્રા દ્વારા અમદાવાદ, સુરત, વડોદરા, વલસાડની આઠ સંસ્થાઓ સામે કાર્યવાહી કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. આ આઠ સંસ્થાઓમાં ચાર સંસ્થાઓ અમદાવાદની છે, જેમાં પેસ સેન્ટર્સ બિઝનેસ સોલ્યુશન પ્રા.લિ., નિંબ્સ ફૂડ ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લિ., રોઝબેલ બાયોસાયન્સ લિ. અને પરફેક્ટ બોરિંગ પ્રા.લિ.નો સમાવેશ થાય છે. આ સિવાય ટીમલીઝ-એલ એન્ડ ટી-રાજકોટ, ડી.જી.નાકરાણી GMERS હોસ્પિટલ-વડોદરા, એક્તા પ્રિન્ટ્સ પ્રા.લિ.-વલસાડને પણ નોટીસ ફટકારવામાં આવી છે.

### મેડિકલ-ડેન્ટલમાં ખાલી બેઠકો માટે ઓફલાઈન રાઉન્ડ વીડિયો કોન્ફરન્સિંગથી યોજાશે

**અમદાવાદ** । મેડિકલ અને ડેન્ટલમાં બે રાઉન્ડના અંતે ખાલી પડનારી બેઠકો ભરવા માટે યાજોતો મોપઅપ રાઉન્ડ વીડિયો કોન્ફરન્સિંગથી ઓફલાઈન યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સૌથી પહેલા વિદ્યાર્થીઓએ ઓફલાઈન રાઉન્ડમાં ભાગ લેવા માટે ૧૩મીએ બપોરના ૧ વાગ્યા સુધી સંમતિ આપવાની રહેશે. મેરિટના આધારે વિદ્યાર્થીઓને નજીકની મેડિકલ કોલેજમાં બોલાવાશે. જ્યાં વિદ્યાર્થીઓને ઉપલબ્ધ બેઠકોમાંથી ઓફર કરાય તે પૈકી કોઈપણ કોલેજ પસંદ કરવાની રહેશે. વિદ્યાર્થીઓએ ખાલી બેઠકો અને મેરિટ નંબર મુજબ બેઠકની પસંદગી અપાશે. ખાલી બેઠકો માટે દર વર્ષે ઓફલાઈન એટલે કે મોપઅપ રાઉન્ડ યોજાય છે.

## ભવ્ય મ્યૂઝિઅમ બનાવવા CM વિજય રૂપાણીનો નિર્ણય

# સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે રજવાડાના ઈતિહાસની ગાથા મ્યૂઝિઅમમાં મુકાશે

### ૫૬૨ રાજા-રજવાડાઓની વિરાસત, વિલીનીકરણ-દસ્તાવેજોનું નિદર્શન કરાશે

। અમદાવાદ ।

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલે દેશની આઝાદી બાદ ૫૬૨ દેશી રજવાડાઓનું ભારતમાં વિલિનિકરણ કરી એક અને અંખડ રાષ્ટ્રનું નિર્માણ કર્યું તેની ગૌરવવંતી સ્મૃતિ અને ઈતિહાસ આવનારી પેઢી સુધી અકબંધ સચવાઈ રહે તે માટે કેવડિયા સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં આ ઈતિહાસનો સાક્ષાત્કાર કરાવતું ભવ્ય મ્યુઝિયિમ નિર્માણ કરવાનો નિર્ણય કર્યો છે. શુક્રવારે મુખ્યમંત્રીએ જણાવ્યું કે, દેશી રજવાડાઓની ભવ્યતા તેમજ એકતા માટે તેમણે આપેલા ત્યાગની ભાવના સાથે સરદાર સાહેબના પ્રબળ પુરુષાર્થની પરિણામકારી ગાથા આ ભવ્ય મ્યુઝિયમ ઉજાગર કરાશે.

મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં ગાંધીનગરમાં મળેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં નિર્ણય લેવાયો છે, જે મુજબ દેશભરના રાજ્યોનો સંપર્ક કરીને તેમના તત્કાલીન રાજા-રજવાડાઓની વિગતો, વિલિનીકરણના દસ્તાવેજો, બેનમૂન ચીજવસ્તુઓ-ઐતિહાસિક વિરાસતની સંપૂર્ણ વિગતો મેળવી આ મ્યુઝિયમમાં શો કેસ કરાશે. દેશી રજવાડાના ઈતિહાસની ગાથા અત્યાધુનિક-૩ડી હોલોગ્રાફી-ઓગમેન્ટેડ રિયાલિટી સહિત ઓડિયો વીડિયો કંટ્રોલ લાઈટ સિસ્ટમ આકર્ષણો સાથે મ્યુઝિયમમાં પ્રદર્શિત કરાશે. ૫૬૨ રજવાડાનો ભવ્ય વારસો, ઝર-ઝવેરાત, કલાકારીગરીની ચીજવસ્તુઓ ઝાંખી આ મ્યુઝિયમમાં પ્રદર્શિત કરાશે.

## કેન્દ્રીય મંત્રી ગિરિરાજસિંહ આણંદમાં માસ્ક વિના, પણ તેમને કંઈ નહીં !

# માસ્ક વિના ફરનારા પાસેથી ૧૦૦ કરોડથી વધારે દંડ વસૂલ્યો

### ડિટેઈન કરેલા વાહનોનો ૫૫ કરોડ દંડ, ૩.૫૦ લાખ લોકોની અટકાયત કરી

। અમદાવાદ ।

કોરોનાની માર્ગદર્શિકાનો કડક અમલ માત્ર સામાન્ય નાગરિકોને જ છે. ગુજરાતમાં આ કાયદો ભાજપના નેતાઓ, મંત્રીઓને તો લાગુ જ પડતો નથી. આ ભાજપની સત્તાકીય સંસ્કૃતિ આણંદમાં એનડીડીબીની એક બેઠકમાં આવેલા કેન્દ્રીય મંત્રી ગિરિરાજસિંહે બહુ 'ગર્વભેર' જાળવી હતી. બધા માસ્ક સાથે બેઠા હતા પણ મંત્રીએ તેમની દાઢીને માસ્ક પહેરાવ્યો હતો. બીજી તરફ, રાજ્યના પોલીસ વડા આશિષ ભાટિયાએ શુક્રવારે એવી 'ગર્વભેર' જાહેરાત કરી હતી કે, લોકડાઉનથી અત્યાર સુધીમા રાજ્યમાં માસ્ક સહિતના નિયમોનો ભંગ



કરનારા પાસેથી પોલીસે રૂ. ૧૦૦ કરોડનો દંડ વસૂલ્યો છે. રાજ્યના ૨૨ લાખ લોકોએ માસ્ક નહી પહેરીને નિયમનો ભંગ કરનારા પાસેથી પોલીસે દંડ વસુલીને કાર્યવાહી કરી છે. આ ઉપરાંત લોકડાઉન અને કરફ્યુનો ભંગ કરીને ગેરકાયદેસર રીતે વાહનો લઈને નિકળનારા લોકોના પાસેથી વાહનો ડીટેઈન કરીને અત્યાર સુધી પોલીસે ૫૫ કરોડથી પણ વધારે રૂપિયાનો દંડ વસુલવામા આવ્યો છે. આશિષ ભાટીયાએ જણાવ્યુ છે કે કોરોનાના લોકો સંક્રમીત ના થાય અને કામ વગર બહાર ના નીકળે તે માટે સરકારે રાત્રિ કરફયુ જાહેર કર્યો છે. તેમ છતાં કેટલાક લોકો નિયમોનો ભંગ કરતા હોવાથી કડક કાર્યવાહી કરવાના આદેશ આપ્યો છે. આ ઉપરાંત ફરજીયાત માસ્ક પહેરીને જ લોકોએ બહાર નિકળવાનુ કહ્યુ હોવા છતાં નિયમોનુ પાલન કરાતુ નથી. જેથી માસ્કના નિયમોનો ભંગ કરનારા લોકો પાસેથી ગુજરાત પોલીસે ૧૦૦ કરોડ રૂપિયાથી પણ દંડ વસુલ કરવામા આવ્યો છે. તેમણે વધુમાં ઉમેર્યુ છે કે પોલીસ કમિશ્નરના જાહેરનામા ,એપેડેમિક એક્ટ તેમજ અન્ય નિયમોનો ભંગ કરનારા અઢી લાખથી પણ વધારે ગુના નોંધીને ૩.૫૦ લાખ લોકોની અટકાયત કરવામા આવી છે.

## રજિસ્ટ્રેશન માટે રૂબરૂ જવામાંથી મુક્તિ

# લગ્ન પ્રસંગની મંજૂરી હવે ઓનલાઈન

। અમદાવાદ ।

કોરોના મહામારી દરમિયાન લગ્નની મંજૂરી માટે નજીકના જે-તે પોલીસ સ્ટેશનમાં રજીસ્ટ્રેશન કરાવવા માટે જવુ પડતુ હતુ. પરંતુ આ મંજૂરી હવે ઘરે બેઠા ઓનલાઈન મેળવી શકો તેની રાજ્ય સરકાર દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે. ડીઝીટલ ગુજરાત પોર્ટલ પર ઓનમલાઈન રજીસ્ટ્રેશન કરાવી મંજૂરી મેળવી શકાશે. અરજી કર્યા બાદ અરજદારે રીજીસ્ટ્રેશનની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. જેથી કોઈ અધિકારી તપાસમાં આવે તો તે પ્રિન્ટ રજૂ કરી શકાશે તેવી રાજ્યના ગૃહ વિભાગ દ્વારા ઠરાવ દ્વારા જાહેરાત કરાઈ છે.

રાજ્યના ગૃહ વિભાગના અધિક સચિવ કે.કે.નિરાલાની સહિથી આજે ગુરૂવારે પ્રસિદ્ધ થયેલા ઠરાવમાં જણાવ્યું છે કે, લગ્ન તેમજ સત્કાર સમારંભ જેવી ઉજવણીના કિસ્સામાં સ્થળની ક્ષમતાના ૫૦ ટકાથી વલધુ નહીં પરંતુ મહત્તમ ૧૦૦ વ્યક્તિઓની મર્યાદામાં મંજૂરી આપવાની હાલમાં જોગવાઈ છે.

જોકે હવે લગ્નો માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું સરકારે નક્કી કર્યું છે. જેના માટે અલગથી ઓનલાઈન રજીસ્ટ્રેશન ફોર ઓર્ગેનાઈઝિંગ મેરેજ ફંક્શનનું એક સોફ્ટવેર તૈયાર કરવામાં આવ્યું છે.

આ ફંક્શન ડીઝીટલ ગુજરાત પોર્ટલ પર કાર્યરત કરાયું છે. જેથી અરજદારો આ પોર્ટલ પર ઓનલાઈન અરજી કરી શકશે. અત્રે ઉલ્લેખનીય છે કે, અત્યાર સુધી નજીકના પોલીસ સ્ટેશનમાં મંજૂરી મેળવવા જવુ પડતુ હતુ. જેના કારણે કેટલીક વાર લાંબી લાઈનો પણ જોવા મળતી હતી.

## રાજ્યમાં કુલ કેસની સંખ્યા સવા બે લાખને પાર

# ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાના નવા ૧,૨૨૩ કેસ, વધુ ૧,૪૦૩ દર્દી ડિસ્ચાર્જ

### રાજ્યમાં કુલ૧૩ દર્દીએ દમ તોડ્યો, મૃત્યુઆંક ૪,૧૪૮એ પહોંચ્યો

અમદાવાદ : ગુજરાતમાં સતત બીજા દિવસે કોરોનાના દૈનિક કેસની સંખ્યા ૧,૩૦૦થી ઓછી નોંધાઈ છે. ગુરુવાર સાંજના પાંચ વાગ્યા સુધીના વિતેલા ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાના નવા ૧,૨૨૩ કેસ નોંધાયા છે. સારવાર હેઠળ રહેલા વધુ ૧,૪૦૩ દર્દી સાજા થતાં તેમને રજા આપવામાં આવી છે. ૨૪ કલાકમાં કોરોનાના કારણે રાજ્યના વધુ ૧૩ દર્દીઓએ દમ તોડતાં કુલ મૃત્યુઆંકની સંખ્યા ૪,૧૪૮એ પહોંચી છે. આજે રાજ્યમાં કુલ કેસની સંખ્યા સવા બે લાખને પાર પહોંચી ચૂકી છે.

### ૧૫ દિવસમાં રિ-કવરી રેટમાં ૧.૧૮ ટકાના વધારો થયો

દિવાળીના તહેવારોમાં સંક્રમણ વધતાં રાજ્યમાં કુલ કેસની સામેન્ય રિ-કવરી રેટ ઘટવા લાગ્યો હતો. પરંતુ છેલ્લા ૧૫ દિવસમાં રિ-કવરી રેટમાં ૧.૧૮ ટકાનો વધારો થયો છે. ગત ૨૬મી નવેમ્બરે માત્ર આઠ દિવસમાં રિકવરી રેટ ૯૧.૫૦ ટકાથી ઘટીને ૯૦.૯૩ ટકાએ આવી ગયો હતો. પરંતુ આજની તારીખે રાજ્યનો રિકવરી રેટ વધીને ૯૨.૧૧ ટકાએ પહોંચ્યો છે.

### વેન્ટિલેટર પરના દર્દીમાં ૨૬ ટકાનો માતબર ઘટાડો થયો

રાજ્યમાં દૈનિક કેસ, વેન્ટિલેટર પરના દર્દી અને એક્ટિવ કેસની સંખ્યામાં નોંધાઈ રહેલો ઘટાડો એ દર્શાવે છે કે, સંક્રમણ ઘટી રહ્યું છે. માત્ર ૧૫ દિવસમાં જ વેન્ટિલેટર પરના દર્દીની સંખ્યામાં ૨૬ ટકા જેટલો નોંધપાત્ર ઘટાડો જણાયો છે. ગત ૨૫મી નવેમ્બરે વેન્ટિલેટપર પરના દર્દીની કુલ સંખ્યા ૯૬ નોંધાઇ હતી.


**Reliance Industries Limited**

Registered and Corporate Office: 3rd Floor, Maker Chambers IV, 222, Nariman Point, Mumbai 400 021
Telephone: +91 (22) 3555 5000 • Facsimile: +91 (22) 2204 2268
Contact Persons: Shri K. Sethuraman, Group Company Secretary and Chief Compliance Officer and Smt. Savithri Parekh, Joint Company Secretary and Compliance Officer
E-mail: investor.relations@ril.com • Website: www.ril.com • Corporate Identity Number: L17110MH1973PLC019786

**RIGHTS ISSUE - JUNE 2020**

**FOR THE ATTENTION OF SHAREHOLDERS HOLDING PHYSICAL SHARES WHOSE RIGHTS EQUITY SHARES ARE LYING IN "RIL RIGHTS ALLOTMENT DEMAT SUSPENSE ACCOUNT"**

1) In terms of the Rights Issue of the Company vide Letter of Offer dated May 15, 2020 (**"LOF"**), the Company has kept in a separate demat account titled **"RIL RIGHTS ALLOTMENT DEMAT SUSPENSE ACCOUNT"** the Rights Equity Shares allotted to the shareholders holding physical shares who could not intimate their demat account details to the Company till the Date of Allotment of Rights Equity Shares.
2) Such shareholders were required to send, within six (6) months from the Allotment Date of the Rights Equity Shares i.e. on or before December 10, 2020, a communication to the Company / KFin Technologies Private Limited, Registrar to the Rights Issue (**"KFinTech"**), containing the name(s), Indian address, e-mail address, contact details and details of their demat accounts along with copy of self-attested PAN and self-attested client master sheet either by post, speed post, courier, electronic mail or hand delivery, for transfer of the Rights Equity Shares allotted to them to their respective demat accounts.
3) As per the LOF, the Company sent reminder notices to such shareholders by way of emails / letters by speed post. The Company also carried out extensive outreach program comprising follow-up correspondence, phone calls and SMSs.
4) However, some shareholders have still not provided the requisite demat account details as well as the other documents as mentioned above.
5) **In the interest of such shareholders and considering the difficulties faced due to the continuing COVID-19 pandemic, the Company has decided to grant one-time extension up to March 31, 2021 to such shareholders to submit their demat account details.**
6) It may kindly be noted that **in case the above details are not provided on or before March 31, 2021, such Rights Equity Shares lying to the credit of the "RIL RIGHTS ALLOTMENT DEMAT SUSPENSE ACCOUNT" shall be sold on the floor of the stock exchanges and proceeds thereof net of brokerage, applicable taxes, administrative and other incidental charges shall be remitted to the relevant shareholders.**
7) The concerned shareholders are requested to make note of the above and provide the requisite details immediately.

**Note:** Please refer to the LOF, including *"Terms of the Issue - Credit and Transfer of Rights Equity Shares in case of Shareholders holding Equity Shares in Physical Form and disposal of Rights Equity Shares for non-receipt of demat account details in a timely manner"* on page 302 of the LOF.

Shareholders may write to KFinTech at ril.rights@kfintech.com and to the Company at investor.relations@ril.com for any further assistance / clarification in this matter.

For **Reliance Industries Limited**
Sd/-
K. Sethuraman
Group Company Secretary and Chief Compliance Officer

Place : Mumbai
Date : December 11, 2020



**Expression of Interest Notice**
**Gujarat Fisheries Central Co.Operative Association Ltd**
Sakar-VII, Basement S-002 To S-004, Nehrubridge Corner, Ashram Road, Ahmedabad-380009
**EOI – 1/ 2020-21**

GFCCA invites bids to implement Inland Cage Culture Project in selected Reservoirs with setup of up to 2000 cages with a minimum production of 2000 kg per cage.
Bidders who wish to participate in this selection process can download the bid document from website : https:/www.nprocure.com
Importanat Dates for the EOI :

| | |
|---|---|
| Bid Document Downloading Start Date | 11th Dec 2020 by 16:00 hrs |
| Prebid Meeting (Meeting will not be held. Queries will be resolved through mail only) | 17th Dec 2020 by 12:00 hrs Bidder are requested to sent their queries on/before 16th Dec 2020 on Email Id : gujaratfisheries@yahoo.com |
| Bid Document Downloading End Date | 31st Dec 2020 by 17:00 hrs |
| Last Date & Time for Submission of Price bids online | 31st Dec 2020 by 17:00 hrs |
| Last Date & Time for Submission of Price bids (Physical Submission) | 1st Jan.2021 by 17:00 hrs |
| Date of Technical Bid Opening | 2nd Jan.2021 by 17:00 hrs |

Contact No. 079 26575275
M.K.Vyas
Managing Director
ક્માંક/સંમાહિ/અમદ/૧૦૫૭/૨૦૨૦



**જાહેર નોટિસ**

અત્રેથી GGST ACT-2017 અને CGST ACT 2017 ની કલમ-૧૨૯, ૧૩૦ તથા કલમ-૬૮(૩) અન્વયે રાજ્ય વેરા ખાતા દ્વારા તા.૧૫/૦૯/૨૦૨૦ ના રોજ ઓમ ટ્રાંસ્પોર્ટ ના વેહીકલ નંબર- RJ-19-GE-9378, ની બરોડા – અમદાવાદ એક્સ્પ્રેસ્સ હાઇવે ખાતે વીહીકલમાં વહન થતા માલના ડોક્યુમેંટની ચકાસણી કરતાં વાહનમાં વહન થતા જીરૂં મળી આવેલ છે. તેમજ GJ-01-DX-7799 નંબર ધરાવતા ટ્રક તા. ૨૬/૦૯/૨૦૨૦ ના રોજ ખોડિયાર હોટેલ,સનાથલ, અમદાવાદ. ખાતે વાહનમાં વહન થતો માલ ARECA NUTS( કાચી સોપારી) મળી આવેલ છે. વધુમાં તા.૨૯/૦૬/૨૦૨૦ ના રોજ રામોલ ટોલ નાકા,અમદાવાદ ખાતેથી GJ-07-x-1509 ધરાવતા વાહનમાં બ્રાસ સ્ક્રેપ, તથા સ્ટીલ ના વાસણો મળી આવેલ છે. આ માલ અંગે કોઇ પણ વ્યક્તિ/ વેપારીએ માલીકી હકનો દાવો નોંધાવેલ ન હોઇ સદર વાહનોમાં રહેલ માલ GGST ACT-2017 અને CGST ACT 2017 ની કલમ- ૧૩૦ અન્વયે જપ્ત કરવામાં આવેલ છે.

આજ દિન સુધી કોઇ વ્યક્તિ/પેઢી/ કંપનીએ માલની માલિકીનો દાવો કરેલ નથી. ઉક્ત વિગતેનો માલ જે પણ કોઇ વ્યક્તિ/પેઢી/કંપનીનો હોય તેઓએ આ જાહેરાતના દિન-૭ માં માલની માલિકી અંગેના પુરાવા સાથે નીચે સહી કરનાર સમક્ષ હાજર થવા જણાવવામાં આવે છે. આ જાહેરાતના દિન-૭ માં ઉક્ત માલનો જો કોઇ હક દાવો કરવામાં નહીં આવે તો, GGST ACT-2017 અને CGST ACT 2017 ની કલમ- ૧૩૦ હેઠળ જાહેર હરાજીની આગળની કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવામાં આવશે.

સ્થળ: અમદાવાદ
તા: ૧૧/૧૨/૨૦૨૦

(એન.આર.વાઘેલા)
રાજ્ય વેરા અધિકારી, મોબાઇલ સ્કવોડ
અંન્વેષણ વિભાગ-૨, એ-૪, રાજ્યકર ભવન
આશ્રમ રોડ, અમદાવાદ.

ક્માંક/સંમાહિ/અમદ/૧૦૫૬/૨૦૨૦